# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-12-2025 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM – ઇથિયોપીયાના સર્વોચ્ચ સન્માનથી સન્માનિત કરાયા

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને** ઇથોપિયાના **સન્માન ધ ગ્રેટ ઓનર નિશાન ઓફ** ઇથોપિયાથી **સન્માનિત કરવામાં આવ્યા છે. ભારત અને** ઇથોપિયાના **સંબંધોને મજબૂત કરવા અને એક વૈશ્વિક રાજનેતા તરીકે શ્રી મોદીના દૂરદર્શી નેતૃત્વ માટે તેમને આ સન્માન** ઇથોપિયાના **પ્રધાનમંત્રી ડો. અભિઅહેમદ અલીએ અર્પણ કર્યું હતું. શ્રી મોદી આફ્રિકા દેશ** ઇથોપિયાના **બે દિવસીય પ્રવાસે છે. આ અગાઉ પ્રધાનમંત્રી મોદી અને** ઇથોપિયાના **પ્રધાનમંત્રી ડો. અભિ અહેમદઅલી વચ્ચે થયેલી વાતચીતમાં બન્ને દેશો વચ્ચે રણનીતીક સહયોગ વધારવા પર સહમતી વ્યકત કરાઇ. બન્ને દેશો વચ્ચે સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા અભિયાન, પ્રશિક્ષણ, સીમા શુલ્બ બાબરતોમાં સહયોગ અને** ઇથોપિયાના **વિદેશમંત્રાલયમાં ડેટા સેન્ટરની સ્થાપના સંબંધી સહમતી પત્રો પર હસ્તાક્ષર કર્યા. પ્રધાનમંત્રી શ્રી મદીએ કહ્યું કે, આ સમજૂતીઓથી ભારત-**ઇથોપિયા **સંબંધોને એક નવી ઉર્જા અને નવી ગતિ મળશે.**

**---------------------------------------------------------------------------------------**

## કેન્દ્ર સરકાર દ્વારા ઘઉંની સંગ્રહ ખોરી અટકાવવા જથ્થાની મર્યાદા અમલી

કેન્દ્ર સરકાર દ્વારા બજારમાં વાજબી ભાવે અને સરળતાથી ઘઉં મળી રહે તથા સંગ્રહખોરી અટકે તે માટે આગામી 31 માર્ચ 2026 સુધી સ્ટોક એટલે કે જથ્થાની મર્યાદા અમલી બનાવવામાં આવી છે.

ઘઉંના સંગ્રહ કરવામાં સુધારો કરી ઘઉંની સંગ્રહખોરી અટકે અને બજારમાં ઘઉં સરળતાથી અને વાજબી કિંમતે ગ્રાહકોને મળે તે હેતુસર ઘઉંના વેપાર સાથે સંકળાયેલા વેપારી

સંગઠન, જથ્થાબંધ અને છૂટક વેપારીઓ, બીગ ચેન રિટેઈલર્સ અને પ્રૉસેસર્સ પર સ્ટોક મર્યાદા દાખલ કરવામાં આવી છે. તેમાં ટ્રેડર, હોલસેલર માટે બે હજાર મૅટ્રિક ટન, રિટેલર અને બીગ ચેઈન રીટેલર માટે આઠ-આઠ મૅટ્રિક ટન તેમજ પ્રૉસેસર માટે 60 ટકા ક્ષમતા મુજબ મર્યાદા નક્કી કરવામાં આવી છે તેમ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------

## જિલ્લામાં SIR કામગીરી - 87.34 ટકા ડીજીટલાઇઝ્ડ કામગીરી પૂર્ણ

મતદારયાદીને શુદ્ધ અને ક્ષતિરહિત બનાવવા માટે કેન્દ્રીય ચૂંટણીપંચના આદેશથી હાથ ધરાયેલી સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝનની કામગીરીનો પ્રથમ તબક્કો પૂર્ણતાને આરે પહોંચ્યો છે. સત્તાવાર રીતે મળેલ આંકડા અનુસાર કચ્છ જિલ્લામાં અત્યાર સુધી **87.34** ટકા એટલે કે **14** લાખ, **76** હજાર, **493** મતદારોના ડેટાને ડિજિટલાઇઝ્ડ કરી દેવાયા છે. ટકાવારીની દ્રષ્ટીએ અત્યાર સુધી હાથ ધરાયેલી કામગીરીમાં માંડવી વિધાનસભા મતક્ષેત્ર મોખર જ્યારે ગાંધીધામ મતક્ષેત્ર સૌથી છેલ્લે રહ્યું છે. ખાસ મતદારયાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત જિલ્લામાંથી અંદાજે બે લાખ મતદારોના નામ કહી થશે તેવું નિશ્ચિત મનાઇ રહ્યું છે. જેમાંથી **1** લાખ, **25** હજાર, **901** મતદારો કાયમી સ્થળાંતરિક થઇ ચૂક્યા છે તો **55,276** મતદાર મૃત્યુ પામ્યા છે. **19,675** મતદાર આ કામગીરી દરમિયાન ગેરહાજર જોવા મળ્યા છે. આ કામગીરી અંતર્ગત અબડાસામાં **30,354,** માંડવીમાં **27,889** ભુજમાં **32,663,** અંજારમાં **40,102,** ગાંધીધામમાં **51,779** અને રાપર **21,304,** મતદારોના નામ કમી થવાની સંભાવના છે. તાલુકાવાર થયેલી કામગીરી જોઇએ તો અત્યાર સુધી સૌથજી વધુ માંડવી તાલુકામાં **89,53,** ભુજ **89,32** ટકા, અબડાસા **88.44,** રાપર **89.77,** અંજાર **85.77** અને ગાંધીધામ તાલુકામાં **83.72** ટકા કામગીરી સંપન્ન થઇ છે.

---------------------------------------------------------------------------------

## આગામી બોર્ડ પરીક્ષાની તૈયારીઓમાં તંત્ર વ્યસ્ત

આગામી **26** ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલી ધોરણ **10** અને **12**ની સામાન્ય તેમજ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષાની તૈયારીઓમાં તંત્ર વ્યસ્ત બન્યું છે**,** જિલ્લાના **39,500** વિદ્યાર્થી આ પરીક્ષા આપશે. જિલ્લા શિક્ષણ કચેરીમાંથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી **26**મી ફેબ્રુઆરીથી ધોરણ **10** અને **12**ની પરીક્ષાનો પ્રારંભ થશે**,** જેના માટે ઝોનવાઈઝ કેન્દ્રો**,** બિલ્ડિંગો અને બ્લોકો નક્કી કરવામાં આવ્યા છે. ધોરણ **10**માં **37** કેન્દ્રની **105** બિલ્ડિંગના **937** બ્લોકમાં **26,500** તેમજ ધોરણ **12** સામાન્ય પ્રવાહમાં **14** કેન્દ્રની **48** બિલ્ડિંગના **466** બ્લોકમાં **13** હજાર જેટલા વિદ્યાર્થી તથા ધોરણ **12** વિજ્ઞાન પ્રવાહમાં ચાર કેન્દ્રની આઠ બિલ્ડિંગના **75** બ્લોકમાં **1450** વિદ્યાર્થી પરીક્ષા આપશે. જે પૈકી **2100** જેટલા વિદ્યાર્થી ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ હેઠળ નોંધાયેલા છે.

**--------------------------------------------------------------------------------**

## ક્રિકેટ

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની ચોથી ટી.20 મેચ આજે લખનૌ ખાતે રમાશે. ભારત બે વિરુદ્ધ એકની સરસાઇ ધરાવે છે. એથી બન્ને દેશો માટે આજની મેચ મહત્વની મનાય છે. મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

**--------------------------------------------------------------------------------**

## હવામાન

આગામી 24 કલાક સુધી રાજ્યના લઘુત્તમ તાપમાનમાં મોટો ફેરફાર નહીં થાય. જો કે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 24 કલાક બાદ લઘુત્તમ તાપમાનમાં બે થી 3 ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે.

દરમિયાન છેલ્લા 24 કલાકમાં 11 ડિગ્રી સેલ્સીયસ લઘુત્તમ તાપમાન સાથે કચ્છ જિલ્લાનું નલિયા સૌથી ઠંડુ સ્થળ બન્યું છે. જ્યારે અમરેલી અને પોરબંદરમાં 14 ડિગ્રી તેમજ અમદાવાદમાં 15 ડિગ્રી સેલ્સીયસ લઘુત્તમ તાપમાન  નોંધાયું છે.

**--------------------------------------------------------------------------------**